


RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2026-2028
At Posted Jamnagar gfy. 361001

www.nobat.com

જામનગર-દેવભૂમિ દ્વારકા
જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક

Page 8 Price : ₹ 3.50

# નોબત

NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT),

24 FEBRUARY 2026, TUESDAY • Vol. No. 69 • PRICE ₹ 3.50 • ISSUE No. 239




■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752

રાહુલ ગાંધીએ બબ્બર શેર ગણાવ્યોઃ કોંગી નેતા કે.સી. વેણુગોપાલે ટીકા કરીઃ

# AI સમિટમાં અર્ધનગ્ન થઈ વિરોધ કરવાના મામલે યુવક કોંગ્રેસના પ્રમુખ ઉદય ભાનુની ધરપકડ

*નવી દિલ્હી તા. ૨૪: એ.આઈ. સમિટમાં શર્ટલેસ પ્રોટેસ્ટના મામલે ૨૦ કલાકની પૂછપરછ પછી યુથ કોંગ્રેસના પ્રમુખ ઉદય ભાનુ ચિબની ધરપકડ કરી લેવામાં આવતા તેના ઘેરા પ્રત્યાઘાતો પડી રહ્યા છે.*

**ઘટના સ્થળ પરથી ૭ આરોપીઓ પછી ગ્વાલિયરથી પણ એક કાર્યકરની ધરપકડ થઈ હતી હજુ પણ બીજા ત્રણ-ચાર આરોપીઓ પોલીસની રડાર પર છે**



*દિલ્હીમાં યોજાયેલી એઆઈ સમિટમાં અર્ધનગ્ન થઈ વિરોધ કરવા મામલે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. યુથ કોંગ્રેસના પ્રમુખ ઉદય ભાનુ ચિબની ૨૦ કલાકની પૂછપરછ પછી ધરપકડ કરવામાં આવી છે. તેમને દિલ્હીના તિલક માર્ગ પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા છે. પોલીસ સ્ટેશન બહાર ભારે ફોર્સ તૈનાત કરવામાં આવી છે. સમગ્ર મામલે કોંગ્રેસના વરિષ્ઠ નેતા કે.સી. વેણુગોપાલ તથા લોકસભાના નેતા રાહુલ ગાંધીએ પોલીસ કાર્યવાહીની ટીકા કરી છે.*

*કોંગ્રેસ નેતાએ મીડિયાને આપેલી જાણકારી અનુસાર ઉદય ભાનુ ચિબની ૨૦ કલાક સુધી પૂછપરછ કરાઈ. તિરુવલ્લુરના સાંસદ શશિકાંત સેંથીલે જણાવ્યું કે ૨૦ કલાક સુધી પૂછપરછ પછી સવારે ૪ વાગ્યે ઉદય ભાનુની ધરપકડ કરાઈ છે. યુથ કોંગ્રેસના યોદ્ધાઓએ તેમના પર ગર્વ છે. દેશના યુવાનો માટે કોંગ્રેસ લડત આપતી રહેશે.*

*કોંગ્રેસના વરિષ્ઠ નેતા કે.સી. વેણુગોપાલે કહ્યું છે કે, સરકાર કદાચ ભૂલી ગઈ છે કે વિરોધ પ્રદર્શન લોકશાહીનું મૂળ તત્વ છે. કોઈ ગુનો નહીં. ઈન્ડિયન યુથ કોંગ્રેસના કાર્યકરોએ બહાદુરીથી વડાપ્રધાન મોદીનો ભ્રષ્ટાચાર ઉજાગર કર્યો. હિંસા ભડકાવ્યા વિના શાંતિપૂર્ણ વિરોધ કર્યો. અમારી માગ છે કે તમામ આરોપીઓ પરની તમામ કેસ રદ્દ કરવામાં આવે અને તેમને છોડવામાં આવે.*

*આ કેસમાં ગ્વાલિયરથી પણ જિતેન્દ્ર યાદવ નામના કોંગ્રેસ કાર્યકરની ધરપકડ કરવામાં આવી છે. પોલીસનું કહેવું છે કે, હજુ બીજા ત્રણથી ચાર આરોપીઓ તેમની રડાર પર છે.*

*બીજી તરફ રાહુલ ગાંધીએ આ પ્રદર્શનકારીઓને બબ્બર શેર ગણાવી પોલીસની કાર્યવાહીને કાયરતાપૂર્ણ ગણાવી મોદી સરકાર પર તડાપીટ બોલાવી હતી.*

*નોંધનીય છે કે, દિલ્હીના ભારત મંડપમમાં એઆઈ સમિટ યોજાઈ હતી, જેમાં વિશ્વના અનેક દેશોના પ્રતિનિધિ આવ્યા હતાં. આ સમિટ દરમિયાન યુથ કોંગ્રેસના કાર્યકરો અંદર ઘુસ્યા અને અર્ધનગ્ન થઈને વડાપ્રધાન મોદી વિરૂદ્ધ નારેબાજી કરી હતી. જે પછી સાત આરોપીઓની ત્યાં જ અટકાયત કરવામાં આવી હતી.*

## યાત્રા સ્થળો પર નફાખોરી અને ઈજારાશાહી, કડક નિયમ-કાયદાની જરૂર...

એવા અહેવાલો આવ્યા છે કે યાત્રાધામ પાવાગઢમાં વિકેન્ડમાં યાત્રિકોનો ધસારો વધી જતો હોવાથી ત્યાંના વહીવટીતંત્રે દર રવિવારે તળેટીથી આગળ જવા માટે ભારે ટ્રાફિકને પહોંચી વળવા વાહનોનો પ્રવેશ પર પ્રતિબંધ લગાવાયો છે, અને માચી સુધી જવા માટે માત્ર એસ.ટી. બસો, એમ્બ્યુલન્સો, સરકારી વાહનો તથા પાવાગઢ ગામની ટેક્સી પાસીંગ ગાડીઓ જ પ્રવેશ કરી શકશે અને અવર-જવર કરી શકશે. આ ઉપરાંત પશુઓ કે પશુઓ જોડીને માલ-સામાનનું વહન કરવા પર પણ પ્રતિબંધ મૂકાયો છે, એટલે કે ઘોડા, ઘોડાગાડી, બળદ કે બળદગાડી દ્વારા માલ-સામાનનું વહન કે ગાય, ભેંસ વગેરે પશુઓને દોરીને લઈ જવા પર માચીથી દુધિયા તળાવ સુધીના રસ્તે પ્રતિબંધ મૂકાયો છે.

આ ઉપરાંત ત્યાંના વહીવટીતંત્રે ખાનગી પાર્કિંગ સ્થળો પર પણ પાવાગઢ ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા નક્કી કરાયેલા દરો કરતા વધુ ચાર્જ વસુલવો નહીં, એટલું જ નહીં, ખાનગી જમીન કે પોતાની જમીન કે સંકુલમાં પાર્કિંગ કરવા દેવા માટે પણ જમીનના કબજેદારોએ પૂર્વ પરવાનગી લેવાની રહેશે. અત્યારે મર્યાદિત સમયગાળા માટે બહાર પડાયેલા નોટિફિકેશનની મુદ્દત વધી પણ શકે તેમ હોવાથી આ પ્રકારના પ્રતિબંધો કાયમી ધોરણે લાગુ પડે અને સ્થાનિકોને પણ પરેશાની ન થાય અને યાત્રિકોને પણ સરળતા અને સુગમતા વધે, તે પ્રકારના નિયમનો તથા નિયંત્રણો રાજ્યના દરેક યાત્રાધામોમાં અલગ-અલગ સ્થાનિક સંજોગો, જરૂરિયાતો અને ભૌગોલિક સ્થિતિને અનુરૂપ ઘડાય, તે જરૂરી છે.

હુતાશણીના તહેવારો આવી રહ્યા છે, ત્યારે દ્વારકા અને નજીકના બેટ દ્વારકા, નાગેશ્વર, હર્ષદ માતાજી સહિતના પાવન યાત્રાસ્થળો પર પણ આ પ્રકારના પ્રબંધો તથા પ્રતિબંધો મર્યાદિત સમય માટે લગાવાશે અને તેની વૈકલ્પિક વ્યવસ્થાઓ પણ થશે, પરંતુ આ તમામ પ્રબંધો-વ્યવસ્થાઓ તથા વૈકલ્પિક સુવિધાઓનો પૂરતો પ્રચાર-પ્રસાર નહીં થતો હોવાથી તહેવારો કે ઉજવણીઓના દિવસોમાં યાત્રિકો અટવાતા હોય છે અને નફાખોરી તથા ઉઘાડી લૂંટનો ભોગ બનતા હોય છે.

આમ પણ સરકારી કાર્યક્રમો, સિદ્ધિઓ તથા મહત્ત્વપૂર્ણ દિવસોના સંદર્ભે સરકાર દ્વારા વિજ્ઞાપનો અપાતા જ હોય છે, ત્યારે મહત્ત્વના પર્વો, તહેવારો દરમ્યાન પબ્લિક માટે કરાયેલી વ્યવસ્થાઓ તથા દ્વારકા જેવા મોટા યાત્રાધામોમાં કાયમી ધોરણે કરાયેલી વ્યવસ્થાઓના વ્યાપક પ્રચાર-પ્રસાર માટે માત્ર માહિતીખાતા દ્વારા પ્રેસનોટોના બદલે વ્યાપક પ્રચાર-પ્રસાર થાય, તેવી રીતે અખબારી માધ્યમોથી જાહેરાતો તથા સ્થાનિક કક્ષાએ યાત્રાધામના શહેરો-ગામો-સંકુલોમાં ઠેર-ઠેર પબ્લિક એડ્રેસ સિસ્ટમ ઊભી કરીને સતત માર્ગદર્શક એનાઉન્સીંગ થતું રહેવુ જરૂરી છે. આવું કરવાથી અજાણ્યા યાત્રિકો લોકલ નફાખોરીનો ભોગ બનતા અટકશે, અને લેભાગૂ તત્ત્વો ઉઘાડી લૂંટ નહીં કરી શકે. રાજ્યના કેટલાક યાત્રાધામોમાં આ પ્રકારની પબ્લિક એડ્રેસ સિસ્ટમ છે, પરંતુ તે માત્ર મુખ્ય મંદિરની આસપાસ જ હોવાથી યાત્રિકોને સંપૂર્ણ અને સમયોચિત માહિતી પહોંચતી જ નથી અને તેઓ મજબૂરીમાં "લૂંટાતા" હોય છે, અને આ સ્થિતિ "ઓપન સિક્રેટ" છે, અને સૌ કોઈ જાણે જ છે.

યાત્રાધામોમાં મુખ્ય મંદિરોની નજીક યાત્રિકે પોતાના મોબાઈલ, સામાન, કેમેરા વગેરે રાખી શકે, અને પરત મેળવી શકે તે માટેની વ્યવસ્થાઓ હોય છે અને સમયાંતરે તેનું નવીનીકરણ કે વિસ્તૃતિકરણ થતું રહેતુ હોય છે, પરંતુ તેની જાણ બહારથી આવતા યાત્રિકોને હોતી નથી અને રેલવે સ્ટેશન, બસડેપો કે અન્ય વાહનોમાંથી ઉતરે કે પોતાના વાહનો નિયત કરેલા પાર્કિંગમાં મુકે તે પછી છેક મંદિર સુધીના માર્ગે તગડી રકમ વસુલીને આ ચીજવસ્તુઓ સાચવતા ખાનગી સ્ટોલ અને શોપ ઊભા કરીને ત્યાં સતત એનાઉન્સીંગ થતું હોવાથી મોટાભાગના લોકો લૂંટાતા હોય છે, અને વહીવટીતંત્ર, મંદિર સમિતિઓ કે પંચાયત-પાલિકાઓ દ્વારા નિ:શુલ્ક કાયમી સુવિધાઓ સુધી પહોંચી શકતા નથી. આથી સર્વવ્યાપી સતત એનાઉન્સીંગ ઉપરાંત આ પ્રકારના મોબાઈલ કે થેલાદીઠ રૂા. ૧૦૦ કે તેથી વધુ તગડી રકમ વસુલી અને યાત્રિકોની મજબૂરી તથા પૂરી માહિતીની અજ્ઞાનતાનો લાભ ઉઠાવતા લેભાગૂ ધંધાર્થીઓ પર "લગામ" લગાવવી જોઈએ.

યાત્રાધામોમાં પાર્કિંગ, અમાનતી સામાનઘર, નિવાસ, ભોજન, અલ્પાહાર તથા બૂટ-ચપ્પલ સાચવવા વગેરે સુવિધાઓ માટે ઘણાં સ્થળે ખૂલ્લેઆમ ઉઘાડી લૂંટ ચલાવાતી હોય છે, અને યાત્રિકોની મજબૂરીનો ગેરલાભ ઉઠાવાતો હોય છે. બૂટ-ચપ્પલ સાચવવા માટે પણ મોટા ભાગના યાત્રાસ્થળોમાં નિ:શુલ્ક સુવિધાઓ હોય છે, પરંતુ માહિતી અને માર્ગદર્શન તથા સતત એનાઉન્સીંગ, ઠેર-ઠેર માર્ગદર્શક બોર્ડના અભાવે યાત્રિકો કાં તો આવી સગવડ આપતા ખાનગી લેભાગૂઓનો ભોગ બનતા હોય

અનુસંધાન પૃષ્ઠ (૪) પર










